# 'સન્નારી' કવર ગર્લ બનવું છે?





સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ 'સન્નારી'ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ 'સન્નારી' કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, 'સન્નારી' અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહીં.

Email: sannari@gujaratmitra.in

# 'ભ્રૂણ' પર કાવ્ય મોકલી આપો



**વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. 'ભ્રૂણ'. માના ઉદરમાં વિકસિત થતાં બાળક માટે માતાની અનુભૂતિ, લાગણી, એના ડર, સંવેદનશીલતાને શબ્દોમાં વર્ણવતી કવિતા તમે મોકલી શકો છો. તમારી મૌલિક કૃતિ અમને 2-05-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.**

Email:sannari@gujaratmitra.in



- સંપાદક

# પ્રિય સન્નારી




કેમ છો? મજામાં ને? આ સવાલના વળતા જવાબમાં કોઈ તમારી પર કમેન્ટ કરે કે 'અરે! તું કેટલી જાડી થઇ ગઈ!' કે પછી ' અરે ! તું તો કેટલી સુકાઈ ગઈ!' ત્યારે તમને કેવું લાગે છે? ક્યારેક કોઈ સારી કમેન્ટ કરે તો મનોમન ખુશ થઇ જઈએ અને કોઈ ટીકા કરે તો મનદુઃખ થાય છે. ખરું ને?

મિત્રો, આ આપણું સ્વાભાવિક અને રોજિંદા વ્યવહારમાં વણાય ગયેલું એવું વર્તન છે જેના પ્રત્યે આપણે તદ્દન અભાન છીએ. બરાબર વિચારી જુઓ. આપણે પણ આવા કેટલા સવાલો કે ટિપ્પણીઓ અન્ય પર કરીએ છીએ. જ્યારે પણ મળીએ ત્યારે સામેની વ્યક્તિના શારીરિક દેખાવ પર જ આપણું પહેલું ધ્યાન જાય છે. કેટલીક વાર તો આપણે રસ્તે ચાલતી વ્યક્તિના પણ બાહ્ય દેખાવ પર કમેન્ટ કરતા હોઈએ છીએ. જેમ કે, 'આ છોકરીના વાળ કેવા ઝાડુ જેવા છે!' 'આનું તો નગારા જેવું પેટ છે' વગેરે, વગેરે... આમ, શારીરિક સુંદરતા પ્રત્યે આપણે ઘણા સભાન રહીએ છીએ અને માનસિક સુંદરતાની અવગણના કરીએ છીએ. આપણે ક્યારેય સામેની વ્યક્તિની માનસિક અવસ્થાનો વિચાર કરતા નથી. કદાચ, તે કોઈ તકલીફમાં હોય શકે કે કોઈ દુઃખ હોય શકે પરંતુ, ના, આપણે તો બસ બાહ્ય દેખાવને જ મહત્ત્વ આપવું છે. સામેની વ્યક્તિનો વિચાર તો કરવો જ નથી.

આપણા શારીરિક સુંદરતાનાં અમુક ધોરણો છે જે આપણે પોતે જ બનાવ્યાં છે અને એ ધોરણો મુજબ જો કોઈ વ્યક્તિ ન હોય તો તેની ટીકા કરવી કેટલી યોગ્ય છે? ખાસ કરીને, તરુણ કે યુવાન છોકરા - છોકરી આવી ટીકા- ટિપ્પણીઓનો વધારે શિકાર બને છે. આપણો સમાજ બાહ્ય દેખાવને લગતી કમેન્ટ મોટાભાગે યુવાનો પર વધારે કરે છે. કોઈ કહે છે કે 'એ છોકરી તો બટકી છે', કોઈ કહે છે કે ' એ છોકરો ઘણો જાડો છે'. આમ, આપણે નક્કી કરેલાં ધોરણો મુજબ આપણે દરેક વ્યક્તિનું મૂલ્યાંકન કરીએ છીએ. એ પ્રમાણે ન હોય તો 'જરા કસરત કર', કે ' થોડું ઓછું ખાવાનું ખા' કે 'દરરોજ ચાલવા જા' એવી સલાહ અને સૂચનો આપીને તેને લઘુતાગ્રંથિમાં ડુબાડી દઈએ છીએ. કેટલાક લોકો મેણાં-ટોણા સાંભળીને વિદ્રોહી પણ બની જાય છે. આપણે જાણે નક્કી કરી લીધું છે કે દરેક વ્યક્તિ આપણા સુંદરતાનાં ધોરણો પ્રમાણે હોવી જ જોઈએ. પછી ભલે ને તે ધોરણો પ્રમાણે બાહ્ય દેખાવ લાવવા માટે તેમણે કોઈ પણ ભોગ આપવો પડતો. સતત કોઈ વ્યક્તિ પર શારીરિક દેખાવને લગતી ટીકા કરતા રહીએ તો અમુક સમય પછી બની શકે તે વ્યક્તિ ડીપ્રેશનનો શિકાર બની જાય. કોઈ વ્યક્તિને સાંભળવામાં તકલીફ હોય,તો કોઈ તોતડું બોલતી હોય, તો કોઈને શરીર પર કોઢ હોય તેવા લોકોને બાળપણથી જ અન્ય બાળકો દ્વારા હેરાન કરવામાં કે ચીડવવામાં આવે છે. આપણો બાહ્ય દેખાવ જેવો છે તેમાં આપણું પોતાનું કશું જ યોગદાન હોતું નથી. અમુક બાબતો કુદરતી હોય છે જેમાં કોઈને શ્રેય પણ ન આપી શકાય કે કોઈને દોષ પણ ન આપી શકાય.

સવાલ એ છે કે શું શારીરિક સુંદરતા જેની પાસે હોય એ જ સુંદર છે? ના, જરા પણ નહિ. સુંદરતા બાહ્ય કરતાં આંતરિક વધારે હોય છે કારણ કે બાહ્ય સુંદરતા યુવાન રહેશો, શરીર સ્વસ્થ રહેશે ત્યાં સુધી જ રહેશે પરંતુ આંતરિક સુંદરતા કાયમી છે, આજીવન છે પણ જરા વિચારી જુઓ, આપણે કેવી દેખાડાની દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં બાહ્ય દેખાવ જ મહત્ત્વનો છે. વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય, તેનું વર્તન, તેનું ચરિત્ર શું કશું જ મહત્ત્વનું નથી? આપણા સવાલોથી, આપણી ટીકાથી સામેની વ્યક્તિને કેટલું મનદુઃખ થતું હશે તેનો આપણને અંદાજો પણ ના હોય. આપણે હસતાં હસતાં જાણતાં - અજાણતાં ઘણી વાર લોકોના દુઃખનું કારણ બની જઈએ છીએ. કોઈના પર પણ કમેન્ટ કરતા પહેલાં એટલું યાદ રાખવું જોઈએ કે શારીરિક સુંદરતા આજે છે, કાલે ન પણ હોય. આજે જો આપણે કોઈના પર કમેન્ટ કરીએ છીએ તો કાલે કોઈ આપણા પર પણ કમેન્ટ કરી શકે છે. આવતીકાલ કોઈએ જોઈ નથી. ક્યારેક તમને પણ કોઈ શારીરિક તકલીફ આવી શકે છે. કદાચ, તમે બેડોળ પણ થઈ શકો છો. એટલે કોઈની તકલીફ પર હસવું નહિ, કોઈના બાહ્ય દેખાવ પર ક્યારેય કમેન્ટ કરવી નહિ. વળી, કોઈની સારી કમેન્ટથી ફુલાઈ જવાની પણ જરૂર નથી. કંઈ નહિ તો આપણને મળીને કોઈને દુઃખ કે તકલીફ તો ના જ થવી જોઈએ. ખરું ને? તમને શું લાગે છે? ચાલો આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

- સંપાદક




## સપ્તાહની તસવીર



'સન્નારી'ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર યાચી પટેલની છે. તેમણે કમ્પ્યુટર એપ્લિકેશનમાં Ph.D કર્યું છે. એ ફ્રીલાન્સ વર્ક કરે છે. યાચીને મ્યુઝિક સાંભળવાનો, નવી નવી વસ્તુઓ અને વિવિધ ભાષાઓ શીખવાનો તથા ફ્રેન્ડઝ સાથે હરવાફરવાનો શોખ છે.